

ગાંધીનગર સમાચાર

સતત વરસાદી પાણી ટપકતા નગરના માર્ગોનો મેકઅપ ઉતરી ગયો

## @ગાંધીનગર

● સેક્ટર-૩૦ સિંધુધામ ખાતે ગુરૂપૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી કરાશે.

● ગાંધીનગર-માણસા હાઈવે રાંધેજા ફાટક પાસે આવેલ રામવાડી ખાતે ગુરૂપૂર્ણિમા પર્વ મનાવાશે.

● આર્ટ ઓફ લિવિંગ ગાંધીનગર ગુરૂપૂર્ણિમા નિમિત્તે હેપિનેશ કાર્યક્રમ યોજાશે.

● સિનિયર સિટિજન કાઉન્સિલની માસિક સભા અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ સે. ૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી ખાતે યોજાશે.

● સેક્ટર-૨૭ આનંદનગર ખાતે દિવ્ય જીવન સંઘ ગુરૂપૂર્ણિમા નિમિત્તે પૂજન અર્ચન કરશે.

● સેક્ટર-૧ રામદર્શન આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ મનાવાશે.

● નાયી સમાજ સેક્ટ-૧૩ લિમ્બચ ધામ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે મહાઆરતી કરશે.

● સેક્ટર-૨૩ અરવિંદ સંસ્કાર કેન્દ્ર ગાંધીનગર ખાતે શાસ્ત્રીય સંગીત કાર્યક્રમ યોજાશે.

● શહેર કોંગ્રેસ ગાંધીનગરના પ્રસિદ્ધ મંદિરોમાં જઈને મહંતોના આશીર્વાદ મેળવશે.

- **દિલીપ પ્રજાપતિ**
9725647197

# ડિફેન્સનો દારૂ 'ઈન ડિમાન્ડ'

## દેશની સુરક્ષા અને રાષ્ટ્રપ્રેમ સાથે જેનું નામ જોડાય છે તે આર્મી, એરફોર્સ અને સીમાદળ સહિતનાં ડિફેન્સનાં કેટલાક જવાનો તેમના ક્વોટાની દારૂ વેચી રૂપિયા કમાય છે : દેશની આબરૂ પર ડાઘ

**(વિપુલ ચૌહાણ),**
ગાંધીનગર, તા. ૩૦

દેશની સુરક્ષા તથા દેશભક્તિ સાથે જેમનું નામ જોડવામાં આવે છે અને સમગ્ર દેશ જેના પર ગર્વ લે છે તે પૈકીના જ કેટલાક જવાનો બસ્સો-પાંચસો રૂપિયાનો ગાળો રાખીને પબ્લિકને બિન્દાસ્ત વેચી રહ્યા છે..!

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં દારૂની મહેફીલ માણતા અધિકારી-કર્મચારીઓ રંગેહાથ પકડાયા છે. ગાંધીનગર રેન્જમાં આઈજીપી હસમુખ પટેલ અને એસ.પી. વિરેન્દ્રસિંગ યાદવે ચાર્જ સંભાળ્યા બાદ દારૂના ચાલતા અડ્ડાઓ બંધ થઈ ગયા છે. ત્યારે કેટલાક બુટલેગરો ચોક્કસ ઓળખીતા ગ્રાહકોને બોટલો સપ્લાય કરે છે તે સિવાય દારૂ-બિયર મળતો ન હોવાથી ડિફેન્સનો દારૂ હાલમાં 'ઈન ડિમાન્ડ' છે. બુટલેગરોએ તો દારૂની બોટલના ભાવ બે ગણા કરી નાંખ્યા છે. ત્યા હવે ડિફેન્સ જવાનોએ પણ તેમનો બોટલ દીઠ કમાવવાનો ગાળો બમળો કરી નાંખ્યો હોવાનું આધારભુત સૂત્રો જણાવી રહ્યા છે. ડિફેન્સના જવાનોને મહિનાની ગણતરીની બોટલો ક્વોટા પ્રમાણે મળતી હોય છે. તે ક્વોટાની બોટલો કેન્ટોલમેન્ટમાંથી સસ્તા ભાવે ખરીદીને કેટલાક જવાનો તેમાં ગાળો રાખીને ગ્રાહકને વેચી મારી કમાણી કરવા લાગ્યા છે.

### કેમ વધુ પસંદ કરાય છે ડિફેન્સનો દારૂ..?

બુટલેગરો પાસેથી ખરીદવામાં આવેલી દારૂની બોટલમાં ક્યારેક ભેળસેળીયો દારૂ આવી જતો હોવાની બુમો રેગ્યુલર ડ્રીંકર્સ પાડે છે. તો બીજી તરફ ડિફેન્સનો દારૂ કોઈ પણ પ્રકારની ભેળસેળ વગર સરકારમાંથી સીધો આવતો હોવાથી ડિફેન્સના દારૂને વધુ પસંદ કરાય છે.

કેટલાક ડિફેન્સના જવાનો બસ્સો-પાંચસો રૂપિયા માટે દારૂ વેચવાના રવાડે ચડી ગયા છે. શરમજનક બાબત એ છે કે હાલ ગાંધીનગરમાં પીવાતી દારૂની મોટાભાગની બોટલો ઉપર "સેલ ઓન્લી ફોર ડિફેન્સ" લખેલુ હોય છે. એટલે કે આ ડિફેન્સના જવાનોને મળતી તેમના માસીક ક્વોટાની બોટલો છે જે બજારમાં વેચાવા લાગી છે અને પકડાયા હતા. આ કિસ્સામાં પણ એક એક્સ આર્મીમેને દારૂની બોટલો કલેક્ટર કચેરીમાં પહોંચાડી હોવાનું ખુલતા તેની ધરપકડ કરાઈ હતી. આ સિવાય પણ સંખ્યાબંધ કિસ્સાઓ છે જેમાં એક્સ આર્મીમેન, એરફોર્સ, બીસએસએફ તથા ચાલુ નોકરી પર હોય તેવા પણ આર્મીમેન વિદેશી દારૂની બોટલો વેચતા દેશની સુરક્ષા અને રાષ્ટ્રપ્રેમીનું બિરૂદ મેળવનાર આર્મી, એરફોર્સ અને સીમાદળોના જવાનો પૈકી આ પ્રકારની દારૂ વેચાણની પ્રવૃત્તિઓના રવાડે ચઢેલા કેટલાક જવાનો 'ડાઘ' લગાડી રહ્યા છે..!

## ચ-૬ પાસેથી ડિફેન્સનો દારૂ ભરેલી ઈનોવા પકડાઈ

### રીટાયર્ડ આર્મીમેનના દિકરાની ૨.૮૯ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા. ૩૦

શહેરના ચ-માર્ગ પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી ઈનોવા ગાડી પસાર થવાની બાતમી મળતા સે. ૨૧ પોલીસે રાત્રે વૉચ ગોઠવીને ઈનોવા પકડી પાડી હતી. ૪૯ નંગ ડિફેન્સની દારૂની બોટલો મળી કુલ રૂ. ૨.૮૯ લાખના મુદ્દામાલ સાથે સે. ૨૧ પોલીસે રીટાયર્ડ આર્મીમેનના દિકરાની ધરપકડ કરી લઈ સઘન પુછતાછ શરૂ કરી છે.

સેક્ટર-૨૧ પી.આઈ. બી.એ. ચાવડા તથા પીએસઆઈ સી.બી. ચૌહાણ તેમની ટીમ સાથે ગઈ રાત્રે ચોક્કસ બાતમીના આધારે ચ-૬ સર્કલે વૉચ પર બેસી ગયા હતા. દરમ્યાન બાતમીવાળી ડી.એલ.૪-સી-એન.એ.-૦૮૫૪ નંબરની ઈનોવા ગાડી ત્યાંથી નીકળતા તેને ઉભી રખાવી તપાસ કરતાં અંદરથી ડિફેન્સની ૪૯ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. ૩૯ હજારનો દારૂ તથા અઢી લાખની ઈનોવા ગાડી મળી કુલ રૂ. ૨.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સેક્ટર-૩૦ ડીફેન્સ કોલોનીમાં રહેતા અરૂણસિંગ શ્યામબહાદુરસિંગની ધરપકડ કરી લીધી છે.



અરૂણસિંગ રીટાયર્ડ આર્મીમેનનો દિકરો હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. જો કે ડિફેન્સનો આ પકડાયેલો દારૂ કોના-કોના ક્વોટાનો હતો તે પણ તપાસ કરવામાં આવે તો વધુ ચોંકાવનારી વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

## વાતવાતમાં

● ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિની પરિસ્થિતિ સર્જાતા તંત્ર રાહત કાર્યમાં લાગી ગયું છે. આ દરમ્યાન બનાસકાંઠામાં રહેતા એક જજનો બે દિવસથી સંપર્ક ના થતા ગાંધીનગરમાં તેમના પરિવારમાં ચિંતા ફેલાઈ હતી પરંતુ આજે તેમનો સંપર્ક થઈ જતા હાસકારો મેળવ્યો હતો.

● કરાઈ ખાતે આજે પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ભર્તીના ઈન્ટરવ્યુ ચાલી રહ્યા હતા. આ પ્રસંગે કોઈ અણછજતો બનાવ ના બને અને ઉમેદવારોની સુરક્ષાના હેતુસર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરના મુખ્ય પોલીસ અધિકારીઓનો જમાવડો જોવા મળ્યો હતો.

● ગઈકાલથી થયેલા વરસાદી વિરામ બાદ આજે ઉઘાડ નિકળતા જનજીવન રાબેતા મુજબ થાળે પડ્યું હતું. આવતીકાલે ગુરૂપૂર્ણિમાનો શુભ દિવસ હોઈ નગરમાં અનેક ધાર્મિક કાર્યક્રમોના આયોજન થયાં છે. જેના આયોજકોએ આજે બજારમાં શાકભાજી તેમજ સીધુ-સામાન અને પૂજાપો વગેરે ખરીદવા ભીડ જમાવી હતી.

● ગાંધીનગરના સાયક્લીસ્ટ એવા ડીએનએના ફોટો જર્નાલીસ્ટ આલોક બ્રહ્મભટ્ટ દિલ્હીથી લેહ-લદ્દાખના ૫૫૦ કિમીના સાયકલ પ્રવાસે નીકળ્યા છે. આજે તેઓએ મનાલી ખાતે રોકાણ કર્યુ છે અને આવતીકાલે લેહ તરફ જવા રવાના થશે.

● ગઈકાલે ગાંધીનગરના ફાયર ઓફિસર મહેશકુમાર મોઢે ભાટ ગામે જીઆઈડીએમ ખાતે ડૉક્ટર્સ અને જીઆઈડીએમના કર્મચારીગણનો હોસ્પિટલ ફાયર સેફ્ટી અંગે તાલીમ પુરી પાડી હતી.

- **સમીર રામી**
9924446645

## સતત વરસાદી પાણી ટપકતા નગરના માર્ગોનો મેકઅપ ઉતરી ગયો

### ઘ માર્ગ સાવ બદતર હાલતમાં : છ માર્ગ પણ ઉબડ ખાબડ બન્યો હરિયાળીની સાથે માર્ગોને પણ નુકશાન તંત્ર સર્વે હાથ ધરશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી વરસતા વરસાદના લીધે નગરનું રોડ નેટવર્ક પણ પ્રભાવિત થયુ છે. શહેરમાં મોટાભાગના રસ્તાઓનુ અંશતઃ ધોવાણ થયુ છે. જેમાં ઘ માર્ગની હાલત મગરની પીઠ જેવી થઈ છે. જયારે છ-૫ થી છ-૬ વચ્ચેના માર્ગનુ પણ વરસાદમાં ધોવાણ થયુ છે. નગરના મુખ્ય ઘ માર્ગનું રિસરફેસીંગ છેલ્લા ચાર વર્ષથી થયુ નથી. તંત્ર દ્વારા ટુંકમાં માર્ગોની નુકશાની અંગે સર્વે હાથ ધરવામાં આવશે.



તસવીર : કશ્યપ નિમાવત

ગાંધીનગરમાં વરસાદ આફતરૂપ બનતા નગરની હરિયાળીનો સોથ વળી ગયો છે. જયારે સેંકડો વૃક્ષો ધરાશાયી થવાથી વિશેષ પ્રમાણમાં નુકશાન થયુ છે. જયારે સતત વરસતા વરસાદી પાણીથી નગરનુ રોડ નેટવર્ક પણ પ્રભાવિત થયુ છે.ગાંધીનગરમાં મોટાભાગના રસ્તાઓનુ થોડા સમય અગાઉ વાઈબ્રન્ટ પૂર્વે જ નવિનીકરણ

● અનુસંધાન પાના - ૭ પર

## નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર

ગાંધીનગર, તા. ૩૦

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શક્તિપીઠ દ્વારા સંયુક્ત ઉપક્રમે ૧ થી ૧૦ ઓગષ્ટ સુધી શ્રી ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર-૧ ખાતે સવારે ૭.૦૦ કલાકથી ૮.૧૫ કલાક દરમ્યાન યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બીમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારીરિક-માનસિક આરોગ્ય વિગેરેનું પ્રશિક્ષણ અપાશે.

## સાયકલીસ્ટ આલોક બ્રહ્મભટ્ટની સાયકલની ચેઈન મનાલીમાં તુટી, દિલ્હીથી મંગાવવી પડી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સાયક્લીસ્ટ એવા ડીએનએના ફોટો જર્નાલીસ્ટ હાલ દિલ્હીથી લેહ-લદાખના સાયકલ પ્રવાસે ગયા છે. બે દિવસથી તેમણે મનાલી બેઝ કેમ્પ ખાતે રોકાણ કરી યુવા સાયકલીસ્ટોને ટ્રેનિંગ આપી રહ્યાં હતા ત્યારે તેમની સાયકલની ચેઈન તુટી ગઈ હતી. મનાલીમાં તેમને સાયકલની નવી ચેઈન ના મળતા તેમણે દિલ્હીથી તેમના મિત્ર પાસે ચેઈન મંગાવી જે મહા પ્રયત્ને તેમને મળી હતી.

"રસ્તે પડ્યાં તો રણ મહી રસ્તા પડી ગયાં, બેસી રહ્યાં જે કિનારે તે ભુલા પડી ગયાં" આ શોર્ય પંક્તિઓને સાહસવીર આલોક બ્રહ્મભટ્ટે યથાર્થ ઠેરવી બતાવી છે. દિલ્હીથી સાયકલ પર લેહ-લદ્દાખના ૫૫૦ કિમીના પ્રવાસે નીકળેલા આલોક બ્રહ્મભટ્ટે બે દિવસથી મનાલી ખાતે રોકાણ કર્યું છે. આ રોકાણ દરમ્યાન તેમણે યુવા સાયક્લીસ્ટોને તાલીમ આપવાનું કાર્ય હાથ ધર્યું હતું. આ તાલીમ દરમ્યાન તેમની સાયકલની ચેઈન તુટી જવા પામી હતી. સાંજનો સમય હતો અને આખા મનાલીમાં તેમણે તપાસ કરી પરંતુ તેમની સાયકલની ચેઈન તેમને મળી નહી. છેવટે થાકીને તેમણે દિલ્હી ખાતે તેમના અંગત મિત્રને ફોન કરી સમસ્યા જણાવી આ મિત્રએ તેમની સાયકલની ચેઈન ખરીદી તાત્કાલિક મનાલી મોકલવાનું બીડું ઝડપ્યું.

● અનુસંધાન પાના - ૭ પર

## મહિલા સુરક્ષા દિને વિદ્યાર્થીનીઓ સ્વરક્ષણ કૌશલ્ય બતાવશે

ગાંધીનગર, તા. ૩૦

સુરક્ષા સેતુ અંતર્ગત મહિલા સશક્તિકરણ પખવાડિયુ મનાવવામાં આવશે. ૧ થી ૧૪ ઓગષ્ટ દરમિયાન કાનૂની જાગૃતિ કાર્યક્રમો યોજાશે. આગામી ૧લી ઓગસ્ટના રોજ મહિલા સુરક્ષા દિવસ મનાવશે.

ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોની યુવતિઓને સ્વ રક્ષણ અંગેની તાલીમ પુરી પાડવામાં આવી રહી છે. આગામી ૧લી ઓગષ્ટના રોજ મહિલા સુરક્ષા દિવસ મનાવવામાં આવશે. સેક્ટર-૧૫ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ઓડિટોરીયમ ખાતે તાલીમ લીધેલ વિદ્યાર્થીનીઓ સ્વરક્ષણ કૌશલ્યનું નિદર્શન કરશે. વિદ્યાર્થીનીઓ સ્વ રક્ષણના વિવિધ કરતબો કરશે.

## ભોજન પ્રસાદ મોકુફ

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૩૦ સિંધુધામ, ઝુલેલાલ સાઈબાબા મંદિર ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી મનાવવામાં આવશે. પરંતુ પર્વ નિમિત્તે રાખવામાં આવેલ ભોજન પ્રસાદ અનુકૂળ હવામાનના કારણે મોકુફ રાખવામાં આવ્યો છે. જેની તમામ ભક્તોએ નોંધ લેવી.

## શહેરના પ્રસિદ્ધ મંદિરોમાં કોંગ્રેસ પૂજન-અર્ચન કરશે

### શહેરની તમામ પાંખના કાર્યકરોને જોડાવા પ્રમુખે અપીલ કરી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આવેલ પ્રસિદ્ધ મંદિરોમાં જઈ શહેર કોંગ્રેસ ગુરૂપૂર્ણિમા નિમિત્તે પૂજન-અર્ચન કરશે. જેમાં કોંગ્રેસના તમામ પાંખના કાર્યકરો જોડાશે.

આજે શહેરમાં ગુરૂપૂર્ણિમા પર્વ ઉત્સાહ અને ઉલ્લાસથી મનાવવામાં આવશે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલે જણાવ્યું છે કે, કોંગ્રેસ પરિવાર ગુરૂપૂજન કરશે.

નગરમાં આવેલા પ્રસિદ્ધ મંદિરોમાં જઈ આશીર્વાદ મેળવશે. સવારે ૯.૦૦ વાગે સેક્ટર-૧૧ પ્રમુખના કાર્યાલયથી સેક્ટર-૨૦ સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૯ જલારામ મંદિર, સેક્ટર-૧૨ વિશ્વકર્મા મંદિર તેમજ ઉમિયા માતાજી મંદિર, સેક્ટર-૧ ગાયત્રી મંદિર, સેક્ટર-૧૬ સોમનાથ મહાદેવ, સેક્ટર-૨૧ ભુવનેશ્વર મહાદેવ, સેક્ટર-૪ ઓમકારેશ્વર મહાદેવ અને છેલ્લે ધોળેશ્વર મહાદેવ ધોળાકુવા ખાતે પહોંચી આશીર્વાદ મેળવી ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરશે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

## વેસ્ટ મેનેજમેન્ટ પર સેમિનાર યોજાયો

વધતા જતા ઔદ્યોગિકરણની ખરાબ અસરે શહેરમાં વસતા નાગરિકોને થઈ રહી છે. સોલિડવેસ્ટ, લિક્વીડ વેસ્ટ, ઈન્વેસ્ટ, હેઝાર્ડસ વેસ્ટ અને બાયોમેડિકલ વેસ્ટની સમસ્યાનો ઉકેલ લાવવા વિનસ ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ટેકનોલોજી ભોયણરાઠોડ ગાંધીનગર ખાતે અર્બન વેસ્ટ મેનેજમેન્ટ : ચેલેન્જીસ એન્ડ એમર્જીંગટ્રેન્ડસ વિષય પર નેશનલ સેમિનાર યોજાયો હતો. જેમાં પ્રો. એ.એમ. મલેક, પ્રો. કે.એન. શેઠ, ડૉ. જયેશ રૂપારેલિયા, સ્નેહલ સત્યપંથીએ વક્તવ્ય આપ્યું હતું. સેમિનારમાં અલગ-અલગ એન્જિનિયરીંગ કોલેજના પ્રોફેસરો, રીસર્સ સ્કોલન વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અરવિંદ કેન્દ્રમાં સંગીતની સુરાવલી ગુંજશે

સેક્ટર-૨૩ અરવિંદ સંસ્કાર કેન્દ્ર ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે કેન્દ્રના વિદ્યાર્થીઓ શાસ્ત્રીય સંગીત રજૂ કરશે. આજરોજ શુક્રવાર સાંજે ૬.૩૦ વાગે શાસ્ત્રીય સંગીત કાર્યક્રમ યોજાશે. શ્રી અરવિંદ કેન્દ્રના તાલીમ મેળવેલા વિદ્યાર્થીઓ શાસ્ત્રીય કંઠ્ય, સંગીત, તબલાવાદન અને બાસુરી વાદન રજૂ કરશે. આ કાર્યક્રમમાં સંગીતના વિદ્યાર્થીઓ અને સંગીત પ્રમીઓને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પિનાકીન વ્યાસે જણાવ્યું છે.

## ગાંધીનગરના યુવાને વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શનની સેવાનો ભેખ ધર્યો

નિપુણ અને હોંશિયાર હોવા છતાં ચોક્કસ દિશા નિર્દેશના અભાવે અનેક વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દીમાં નિરાશા સાંપડે છે. જે માટે પાયાથી જ પોતાની રૂચિ અનુરૂપ અભ્યાસ અને દિશા મળી રહે તેવો માર્ગદર્શનનો નિઃશુલ્ક ભગીરથ પ્રયાસ ગાંધીનગરના એક યુવાને હાથ ધર્યો છે. શાળા, કોલેજોમાં પુસ્તિકાનું વિતરણ કરી વિદ્યાર્થીઓને મદદરૂપ થવાની શ્રેષ્ઠ ભાવના રાખી દેશનું યુવાધન ઉજ્જવળ કારકિર્દી પ્રાપ્ત કરે તેવો શુભ હેતુ સમાયેલો છે. જો કે વાલીઓ અને વિદ્યાર્થીઓ તરફથી પણ ભારે પ્રતિભાવો પ્રાપ્ત થતાં યુવાનની આ ચળવળને વેગ મળ્યો છે.

વાલીઓ હર હંમેશ પોતાના સંતાનના અભ્યાસ પ્રત્યે લાગણીશીલ અને ચિંતીત રહેતા જ હોય છે. અને તે માટે તેઓ તન, મન અને ધનથી તમામ પ્રયત્નો કરતા જ હોય છે. છતાં પણ વિદ્યાર્થીની રૂચિ અને ચોક્કસ માર્ગદર્શનના અભાવે કોઈ સમયે અને સ્થળે એ અટકી પડી જતા હોય છે. આવો જ અનુભવ ગાંધીનગરના ઉચ્ચ અભ્યાસી યુવાન કેવલ ત્રિવેદીને થયો હતો. જેમાં એક વિદ્યાર્થીને મેરીટમાં બે ટકાના કારણે યોગ્ય ફેકલ્ટી પ્રાપ્ત થઈ ન હતી. જેને કેવલે સાંભળ્યા પછી નક્કી માર્ગદર્શન અને દિશા નિર્દેશ પુરુ પાડ્યુ હતુ જેના કારણે તે તેની કારકિર્દીમાં સફળ બન્યો છે. આ અનુભવ ઉપરથી કેવલે ગાંધીનગરમાં જ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવાનો નિર્ણય કર્યો હતો. અને તે માટે તેણે ધો. ૧૨ સુધીના વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી પ્રત્યે સભાન બને તે હેતુથી "કેરીયર્સ એન્ડ યુ' નામની પુસ્તિકા બહાર પાડી છે અને શાળા-કોલેજોમાં લગભગ ૬૦૦૦ પુસ્તિકાનું નિઃશુલ્ક વિતરણ કર્યુ છે. તેમજ હજુ દસ હજાર સુધી પુરી તૈયારી કરી છે. ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ શાળાના સીસ્ટર રેણુકા, સેંટ ઝેવિયર્સના હેક્ટર પિન્ટો, સ્વામીનારાયણ ગુરૂકુલના રામસ્વામીજી તથા ટ્રસ્ટી એસ.એમ. પટેલે કેવલની આ પ્રવૃત્તિને આવકારી અને હાલના સમયનો તકાજો ગણાવ્યો હતો.

ધો. ૧૨માં ઓછા કે વધારે માર્કસ આવ્યા હોય તો પણ કેવી રીતે આગળ વધી શકાય તેમજ આ અંગેની પ્રવેશ પરીક્ષાઓ, યુનિવર્સિટી સંલગ્ન માહિતી, જોબ પ્રોસ્પેક્ટ વગેરેનું માર્ગદર્શન સાથે માહિતી અપાય છે. દરમ્યાન સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાનું પણ માર્ગદર્શન અપાય છે. આ પુસ્તક ફક્ત વિતરણ પુરતુ મર્યાદિત ન બની તે સતત સંપર્કમય રહે તેવા પ્રયાસો પણ થયા છે. આ પુસ્તિકાની જરૂરિયાત હોય તેવા પ્રસંગે કોઈપણ વિદ્યાર્થી ઓળખપત્ર બતાવી નિઃશુલ્ક મેળવી શકે છે જે માટે ફોન નં. ૮૮૬૬૪૩૨૧૨૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ તરફથી સાનુકૂળ પ્રતિભાવો કેવલને પ્રાપ્ત થયા છે. જે તેને આ સેવા કરવા માટે વધુ પ્રેરણાદાયી બન્યા છે. બહેન પરિધિ ત્રિવેદી પરીખ પણ ભાઈના કામને પ્રોત્સાહિત કરી તેને મદદરૂપ બની છે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ નિઃશુલ્ક માર્ગદર્શનનો લાભ મેળવી દેશ અને પરિવાર માટે ઉપયોગી બને તેવી આશા રાખી છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

### ભવિષ્યના પથ માટે પાયાની જ ચોક્કસ દિશા નિર્દેશનો ઉદ્દેશ, ૬૦૦૦ માર્ગદર્શન પુસ્તિકાનું નિઃશુલ્ક વિતરણ કર્યુ

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ લીલાભાઈ ઠાકોર (ઉ.વ.૫૫) મુ. બાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. પટેલ રમણભાઈ સોમદાસ (ઉ.વ.૬૫) મુ. દેલવાડ, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. બાબુજી મફાજી ઠાકોર (ઉ.વ.૪૫) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારકાપ્રસાદ અગ્રવાલ (ઉ.વ.૬૭) ૬૪૫, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર
- સ્વ. કેશાજી નાથાજી પરમાર (ઉ.વ.૬૦) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. નિખિલ નિત્યાદંત શ્રીવાસ્તવ (ઉ.વ.૨૨) પ્લોટ નં. ૧૧૪૯/૨, સેક્ટર-૨, ગાંધીનગર